ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૩/2827-61
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૬/૦૭/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય: ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ) પાસ કર્યા બાદ ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ)માં શાળા ફેરબદલીના કિસ્સામાં વિષય ફેરફાર કરવા અંગે

સંદર્ભ : તા.૨૧/૦૭/૨૦૨૩ના રોજ મળેલ બોર્ડની શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૧૯/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે બોર્ડને મળેલ રજૂઆત અન્વયે તા.૨૧/૦૭/૨૦૨૩ના રોજ મળેલ બોર્ડની શૈક્ષણિક સમિતિના સંદર્ભ દર્શિત ઠરાવ ક્રમાંક:૧૯/૨૦૨૩ થી કરવામાં આવેલ નિર્ણય મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી રાજ્યની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)માં ઉત્તીર્ણ થયા બાદ કોઈ કારણસર વિદ્યાર્થી ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)માં અન્ય શાળામાં પ્રવેશ મેળવે અને એ શાળામાં ચાલતા વિષયો વિદ્યાર્થીએ ધોરણ-૧૧ (સામાન્ય પ્રવાહ)માં રાખેલ વિષયો કરતાં અલગ હોય તો વિદ્યાર્થી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના બોર્ડના વિષય માળખાના ગ્રુપ-૩માં એક વિષય અને ગ્રુપ-૪માં એક વિષય ધોરણ-૧૨ (સા.પ્ર)માં નીચે દર્શાવેલ શરતોને આધિન બદલી શકશે. આ નિર્ણયનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી કરવાનો રહેશે.

(૧) ધો-૧૧ (સામાન્ય પ્રવાહ) ઉત્તીર્ણ કર્યા બાદ વિદ્યાર્થી ધો-૧૨ (સામાન્ય પ્રવાહ)માં જે શાળામાં પ્રવેશ મેળવે તે શાળામાં ઉક્ત વિદ્યાર્થીએ ધો-૧૧ (સામાન્ય પ્રવાહ)માં રાખેલ વિષય કરતા અન્ય વિષય ચાલતો હોય તો તે શાળામાં જે-તે વિષયના શિક્ષક હોવા જોઈએ અથવા તે શાળામાં તે વિષય ભણાવવાની વ્યવસ્થા હોવી જોઈએ.

(૨) વિદ્યાર્થીએ ધો-૧૧ (સામાન્ય પ્રવાહ)માં પસંદ કરેલ ગ્રુપ-૩ ના વિષયો પૈકી માત્ર એક જ વિષય ધો-૧૨ (સામાન્ય પ્રવાહ)માં બદલી શકશે.

(૩) વિદ્યાર્થીએ ધો-૧૧ (સામાન્ય પ્રવાહ)માં પસંદ કરેલ ગ્રુપ-૪ ના વિષયો પૈકી માત્ર એક જ વિષય ધો-૧૨ (સામાન્ય પ્રવાહ)માં બદલી શકશે.

(૪) વિદ્યાર્થીએ/વાલીએ ઉક્ત વિષયની તૈયારી પોતાની જાતે કરશે તેવી બાંહેધરી આપવાની રહેશે.

(૫) શાળાએ ઉક્ત બાબતની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મોકલીને તેઓની મંજૂરી મેળવવાની રહેશે.

(૬) શાળા ફેરબદલીના કારણે ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)માં વિષય બદલવા અંગેની તમામ કાર્યવાહી મોડામાં મોડી ૩૧ ઓગષ્ટ સુધીમાં દર વર્ષે પૂર્ણ કરવાની રહેશે.

વિદ્યાર્થી ધોરણ-૧૧(સામાન્ય પ્રવાહ) ઉત્તીર્ણ કર્યા બાદ કોઈ કારણસર અન્ય શાળામાં ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ) માં પ્રવેશ મેળવે તેવા કિસ્સામાં ઉક્ત પત્રમાં દર્શાવ્યા મુજબની વિગતો ધ્યાને લઈને વિષય બદલવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) નું વિષય માળખું આ સાથે સામેલ છે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

બિડાણ- ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)નું વિષય માળખું

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના :-

- નાયબ નિયામકશ્રી (પરીક્ષા) (સામાન્ય પ્રવાહ) ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગરને જાણ સારૂં.

# પરિશિષ્ટ-C

## સામાન્ય પ્રવાહનું વિષય માળખું

### શૈક્ષણિક સત્ર જૂન-2010 ધોરણ 12થી અમલી બનતું સાત વિષયનું સુધારેલ માળખું

જૂથ-1 નીચેના પૈકી કોઈ એક ભાષા પસંદ કરવાની રહેશે :

| વિષયનો ઈન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
|---|---|---|---|
| 006 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ માટે) | 100 | 33 |
| 013 | અંગ્રેજી (અંગ્રેજી માધ્યમ સિવાયના માટે) | 100 | 33 |

જૂથ-2 નીચેના પૈકી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેશે :

| વિષયનો ઈન્ડેક્ષ નંબર | વિષયનું નામ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
|---|---|---|---|
| 001 | ગુજરાતી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 002 | હિન્દી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 003 | મરાઠી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 004 | ઉર્દૂ (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 005 | સિંધી (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 007 | તમિલ (જૂથ-1માં 013 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 008 | ગુજરાતી (જૂથ-1માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |
| 009 | હિન્દી (જૂથ-1માં 006 પસંદ કરનાર માટે) | 100 | 33 |

જૂથ-3 નીચેના પૈકી કોઈ પણ બે વિષયો પસંદ કરવાના રહેશે :

| વિષયનો ઈન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | |
|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા ગુણ |
| 046 | વાણિજ્ય વ્યવસ્થા | 100 | 33 |
| 129<br>130<br>131<br>132 | સંસ્કૃત અથવા<br>ફારસી અથવા<br>અરબી અથવા<br>પ્રાકૃત | 100 | 33 |
| 141 | મનોવિજ્ઞાન | 100 | 33 |
| 154 | નામાનાં મૂળ તત્ત્વો | 100 | 33 |
| 009 | હિન્દી<br>(02 પસંદ ન કરનાર માટે)/<br>(જૂથ-2 માં 09 પસંદ ન કરેલ હોય તેના માટે) | 100 | 33 |

સંયમ અને પરિશ્રમ એ બે માનવીના મોટામાં મોટા ડૉક્ટર છે. – રૂસો

જૂથ-4 નીચેના પૈકી કોઈ પણ ત્રણ વિષયો પસંદ કરવાના રહેશે :

| વિષયનો ઈન્ડેક્ષ નંબર | વિષયનું નામ | સૈદ્ધાંતિક | | પ્રાયોગિક | |
|---|---|---|---|---|---|
| | | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ગુણ | કુલ ગુણ | ઉત્તીર્ણ થવા માટે ગુણ |
| 022 | અર્થશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 135 | આંકડાશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 139 | સમાજશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 023 | રાજ્યશાસ્ત્ર | 100 | 33 | - | - |
| 029 | ઈતિહાસ | 100 | 33 | - | - |
| 148 | ભૂગોળ | 100 | 33 | - | - |
| 136 | તત્ત્વજ્ઞાન (ફિલોસોફી) | 100 | 33 | - | - |
| 137 | ચિત્રકામ સૈદ્ધાંતિક | 30 | 10 | - | - |
| 138 | ચિત્રકામ પ્રાયોગિક | - | - | 70 | 23 |
| | અથવા | | | | |
| 146 | સંગીત સૈદ્ધાંતિક | 40 | 13 | - | - |
| 147 | સંગીત પ્રાયોગિક | - | - | 60 | 20 |
| | અથવા | | | | |
| 331 | કમ્પ્યૂટર ઍજ્યુકેશન | 100 | 33 | - | - |
| 332 | કમ્પ્યૂટર ઍજ્યુકેશન (પ્રાયોગિક) | - | - | 50 | 17 |
| 337 | S. P. & C. C. | 100 | 33 | - | - |

નોંધ :

(1) ધોરણ 11/12માં શારીરિક શિક્ષણ વિષયમાં વિદ્યાર્થીઓએ પ્રાયોગિક કાર્ય કરવાનું રહેશે અને ધોરણ-12ને અંતે લેવાનાર જાહેર પરીક્ષા માટે આવેદનપત્રમાં આચાર્યએ શારીરિક શિક્ષણનું પ્રાયોગિક કાર્ય વિદ્યાર્થીએ સંતોષકારક રીતે પૂર્ણ કર્યું છે તે મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

(2) પ્રાયોગિક પાસું ધરાવતા વિષયો પૈકી કમ્પ્યૂટર ઍજ્યુકેશન (શૈક્ષણિક સત્ર 2008થી ધોરણ-11 માટે એક જ કૉમન પુસ્તક અમલી બને છે.)ની 50 ગુણની પરીક્ષા શાળાકક્ષાએ લેવાની રહેશે. જેના ગુણ બોર્ડના ગુણપત્રકમાં દર્શાવવામાં આવશે, પરંતુ ટકાવારીમાં ધ્યાને લેવાશે નહીં.

(3) કમ્પ્યૂટર ઍજ્યુકેશન **(વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ઉ. ઉ. બુનિયાદી પ્રવાહ)** વિષયની સૈદ્ધાંતિક પરીક્ષા માર્ચ-2007થી **ઓ.એમ.આર.** (O.M.R.) પદ્ધતિથી લેવામાં આવે છે.

(4) હાલમાં સૂચવેલા ઉદ્યોગો પૈકી ગમે તે એક ઉદ્યોગ ધોરણ 11માં લેવાનો રહેશે, જેની પરીક્ષા શાળાએ લઈ પ્રમાણિત કરવાની રહેશે.

(5) પ્રાયોગિક પાસુ ધરાવતા 137/138 ચિત્રકામ, 146/147 સંગીત, 331/332 કમ્પ્યૂટર ઍજ્યુકેશન પૈકી કોઈ પણ એક જ વિષય પસંદ કરી શકશે.

સંયમ આનંદોપભોગનો સોનેરી નિયમ છે. – લૅન્ડન